નં જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/પોલીસી/૧૧

જી.આઈ.ડી.સી., ઉદ્યોગભવન, ગાંધીનગર.

તા.૧૯-૦૬-૨૦૨૦.

# // પરિપત્ર //

**વિષય: નિગમની વસાહતોના વર્ષ:૨૦૨૦-૨૧ માટે ઔદ્યોગિક અને રહેણાંક જમીનના ફાળવણી દર બાબત..**

સંદર્ભ: પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૧૭.
તા. ૧૩/૦૬/૨૦૧૯

નિગમના ઉપરોક્ત સંદર્ભિત પરિપત્ર મુજબ જુદી જુદી વસાહતોના **ઔદ્યોગિક અને રહેણાંક જમીનના ફાળવણીદારો તા.૦૧/૦૬/૨૦૧૯ ની અસરથી અમલમાં છે.**

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ની વિકટ પરિસ્થિતિમાં રાજ્યની વિકાસની ગતિ જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત આત્મનિર્ભર પેકેજ નાણાવિભાગના ઠરાવ ક્રમાંક:અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક તા.૦૫/૦૬/૨૦૨૦થી જાહેર કરેલ છે. જેની જોગવાઈ અનુસાર નિગમ દ્વારા ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતા પુરી પાડવા કરેલ નિર્ણયો અંતર્ગત, **નાણાંકીય વર્ષ: ૨૦૨૦-૨૧** માટે નિગમની તમામ વસાહતોના ઔદ્યોગિક અને રહેણાંક જમીનના ફાળવણી દરો ઉપરોક્ત સંદર્ભિત પરિપત્ર મુજબ, યથાવત રાખવાનું નક્કી કરવામાં આવે છે.

આ ઉપરાંત નિગમની વસાહતોમાં સ્થાપવામાં આવેલ **જે બહુમાળી શેડોના ફાળવણી દર નક્કી કરવામાં આવેલ છે, તે બહુમાળી શેડોના ફાળવણી દર યથાવત રાખવામાં આવે છે.**

આ ઉપરોક્ત સંદર્ભિત પરિપત્ર મુજબ નક્કી થયેલ ફાળવણી દર, જમીનના વિતરણ તથા અન્ય કામો જેવા કે, ટ્રાન્સફર, એન.યુ.પેનલ્ટી તથા અન્ય ફી વગેરેની વસુલાત માટે લાગુ કરવાના રહેશે.

આ ફાળવણી દર બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

**સહી/-**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી**
**જી.આઈ.ડી.સી. ગાંધીનગર**

**પ્રતિ,**
**નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ......**

**રવાના કર્યુ,**

**મેનેજરશ્રી (મહેકમ)**
**જી.આઈ.ડી.સી. ગાંધીનગર**